## સુરતના મે. ૧૫માં એડીશનલ ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમાં, સુરત.

**ખાનગી ફોજદારી કેસ નં. ૧૯૨૦૧ / ૨૦૧૮**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**(૧)** હાલના કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લેતા હાલનો કેસ વટાવખત અધિનીયમ ની કલમ–૧૩૮ અંતર્ગતદાખલ કરવામાં આવેલ સમંસ ટ્રાયેબ ખાનગી ફરીયાદનો કેસ છે. જે કેસનું રેકર્ડ ધ્યાને લેતા, <u>આ કામ લાંબા સમયથી આરોપી પર પ્રોસેસ બજવા પર પેન્ડીંગ છે</u>. વધુમાં, આ કેસ નીયમીત રીતે કોમ્પ્યુટરાઈઝડ બોર્ડમાં અપડેટ થયેલ છે, જેથી ફરીયાદ પક્ષને કેસની મુદત તારીખ જાણવાની પુરતી તક છે. તેમજ ફરીયાદ પક્ષને પુરતી તક મળેલ હોવા છતા તેઓ તરફથી આરોપીનું નવુ સરનામું રજુ કરવામાં આવતુ નથી અથવા તો આરોપી પર પ્રોસેસની બજવણી થાય તે માટે કોઈ જરૂરી કાર્યવાહી કરવામાં આવતી નથી કે તે માટે જરૂરી પગલા લેવામાં આવતા નથી . જેથી હાલનો કેસ લાંબા સમયથી ડેડવુડ કેસની જેમ લાંબા સમયથી અત્રેની કોર્ટની ફાઈલમાં પેન્ડીંગ પડી રહેલ છે.

**(૨)** જે સંજોગો ધ્યાને લેતા ફરીયાદી કેસ આગળ ચલાવવા પુરતો રસ લેતા ન હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે. જે તમામ વિગત ધ્યાને લેતા તથા જુના અને ડેડવુડ કેસો ના નિકાલ અં ગે નામદાર ઉચ્ચ અદાલતો અને સર્વોચ્ચ અદાલત દ્વારા વખતો વખત આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લેતા, આ પ્રકારના કેસ કે જેમા આગળની કાર્યવાહી કરવા માટે ફરીયાદ પક્ષને કોઈ રસ થી અને કેસ ડેડવુડ કેસની જેમ અત્રેની કોર્ટની ફાઈલમાં છેલ્લા ઘણા સમય થી પેન્ડીંગ પડી રહેલ છે, તે કેસમાં વધુ મુદત માટે મુલત્વી કરવાનું કોઈ ઉચીત કારણ જણાતુ નથી. જેથી આવા સંજોગોમાં **(અ)** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પી.રામચન્દ્ર રાવ વિ.સ્ટેટ ઓફ કર્નાટકા ૨૦૦૨(૨) જી.એલ.આર ૧૫૪૯ ના ચુકાદા, **(બ)** એસ.રામ કિષ્ન વિરૂધ્ધ એસ.રામી ૨૦૦૮ ક્રિમી.લો.જર્નલ ૨૬૨૫ નો ચુકાદો, **(ક)** ભવાની ટેક્ષટાઈલ્સ મિસ્સ વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ નો ચુકાદો, **(ડ)** મુળચંદ મોતીલાલ રાકા વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર કાઈમ્સ ૧૭૭ ના ચુકાદાઓમાં સ્પીડી ટ્રાયલ અંગે તથા તે માટે સી.આર.પી.સી કલમ–૨૫૬,૨૫૮,૩૦૯ ની જોગવાઈ અંગે પ્રતિપાદીત કરેલ ધ્યાને લેતા તથા સી.આર.પી.સી

કલમ–૨૫૬ ની જોગવાઈ તથા હાલના કેસનુ રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લઈ ફરીયાદ પક્ષ તરફથી કેસ આગળ ચલાવવા કરવી પડતી જરૂરી કાર્યવાહીના અભાવે વોન્ટ ઓફ પ્રોસીક્યુશનના કારણે હાલની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ તા.૦૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૯/ ૦૩ / ૨૦૨૪.
સુરત.

(એ.એમ.વસાવા)
૧૫માં એડી.ચીફ જ્યુડી. મેજી., સુરત.
(GJ01117)